INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૫-૨-૨૦૨૪

આજરોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે અસંગઠીત કામદાર અને કર્મચારી કોંગ્રેસના નવનિયુક્ત હોદ્દેદારોને નિમણુંક પત્ર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલના અધ્યક્ષપદે, ગુજરાત સંગઠન સહપ્રભારીશ્રી રામકિશન ઓઝા અને ગુજરાત પ્રદેશ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીની ઉપસ્થિતીમાં ૧૦ જીલ્લા પ્રમુખ, ૧ પ્રદેશ મહામંત્રી અને ૨ શહેર પ્રમુખશ્રીઓને આપવામાં આવ્યા હતા.

અસંગઠીત કામદાર અને કર્મચારી કોંગ્રેસના નવનિયુક્ત પદાધિકારીઓને માર્ગ દર્શન આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ભાજપના શાસનમાં સૌથી વધુ શ્રમિકો-કામદારોનું શોષણ થઈ રહ્યું છે. નાના કામદારોને ન્યાય માટે સક્રિયતાથી મદદ કરવા માટે સૌ જવાબદારી સંભાળે તેવી આશા છે. કોંગ્રેસ પક્ષ હંમેશા શ્રમિકો-કામદારોના હક્ક-અધિકાર માટે કટીબધ્ધ છે.

અસંગઠીત કામદાર અને કર્મચારી કોંગ્રેસના અધ્યક્ષશ્રી ભરતભાઈ સોલંકીએ તમામને આવકાર આપી આગામી સમયના કાર્યક્રમોની રૂપરેખા આપી હતી.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા
મો. ૯૪૨૬૦૦૧૫૯૯